# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-03-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) **સાત વિશ્વવિદ્યાલયને "સેન્ટર ઓફ એક્સેલન્સ" તરીકે જાહેર કરાઇ - વિધાનસભામાં શિક્ષણ રાજ્યમંત્રીનું નિવેદન**
2) **સુનિતા વિલિયમ્સ પૃથ્વી પર સુરક્ષિત પરત ફર્યા બાદ તેમના વતન ઝુલાસણ સહિત સમગ્ર રાજ્યમાં ખુશીનો માહોલ**
3) **રાજ્યની પોલીસે ગુનાહિત પ્રવૃતિઓ કરતાં કુલ 7 હજાર 612 વ્યક્તિઓની યાદી તૈયાર કરી**
4) **ત્રણ દિવસ બાદ રાજ્યના લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા**
5) **મહેસાણાની દિવ્યાંગ ખેલાડી આશા ઠાકોરે ઈટાલી ખાતે વિશેષ ઓલિમ્પિક વિશ્વ શિયાળુ રમતોમાં કાંસ્ય ચંદ્રક જીત્યો**

.......................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PRAFUL PANSERIYA UNIVERSITY

રાજ્ય સરકારે બહુવિધ/આંતરશાખાકીય/સંશોધન વિશ્વવિદ્યાલયો માટે સાત યુનિવર્સિટીને "સેન્ટર ઓફ એક્સેલન્સ" તરીકે જાહેર કરી છે. વિધાનસભામાં ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું કે, તમામ વિશ્વવિદ્યાલયોમાં રિસર્ચ સેન્ટર બોર્ડની સ્થાપના માટેની પ્રક્રિયા હાલ ચાલી રહી છે.

તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2023માં 'ધી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ, 2023' જાહેર કરાયો છે. વિદ્યાર્થીઓને અંગ્રેજી સંવાદ કૌશલ્ય, જીવન કૌશલ્ય અને અન્ય વ્યાવસાયિક કૌશલ્ય અંગે તાલીમ આપીને તેમની રોજગાર ક્ષમતા અને ઉદ્યોગની તૈયારીને વધારવા માટે વિવિધ પ્રકલ્પો શરુ કરાયા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ NEP-2020ની સરળ અને અસરકારક અમલવારી માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) જાહેર કરાઇ છે.

# VIDHANSABHA QUESTIONNAIRE

રાજ્યની હોસ્પિટલમાં તબીબોની ઘટ નજીકના સમયમાં ભૂતકાળ બનશે. વિધાનસભામાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે રાજ્યમાં વર્ગ-2ની એક હજાર 921 અને સ્ટાફનર્સ વર્ગ-3 ની એક હજાર 903 જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા ચાલી રહી છે. તેમણે જણાવ્યું કે પેરામેડીકલ વર્ગ-3 સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા 10 વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાવેશ કરેલ જગ્યાઓનાં માંગણાપત્રક મોકલવાની કાર્યવાહી પ્રગતિમાં છે. વિધાનસભા ગૃહમાં અંગદાન સંદર્ભે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં શ્રી પટેલે જણાવ્યું, છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં બ્રેઇનડેડ અંગદાતાઓ તરફથી કુલ 856 અંગોનું દાન મળ્યું છે. જ્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 282 અંગોનું દાન મળ્યું છે. અંગદાન કરાવતી હોસ્પિટલને પ્રત્યેક કેસ દીઠ 50 હજાર રૂપિયા સુધીની સહાય રાજ્ય સરકાર દ્વારા અપાય છે. અન્ય એક પ્રશ્નના જવાબમાં વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું કે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં અંદાજે 114 હેક્ટરમાં વાવેતર પાછળ 2 કરોડ 12 લાખ રૂપિયાથી વધુનો ખર્ચ કરાયો છે.

# SUNITA WILLIAMS

ભારતીય મૂળના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ પૃથ્વી પર સુરક્ષિત પરત ફર્યા બાદ તેમના વતન ઝુલાસણ સહિત સમગ્ર રાજ્યમાં ખુશીનો માહોલ છે. ચોતરફથી લોકો શુભેચ્છા પાઠવી રહ્યા છે. મૂળ મહેસાણા જિલ્લાના ઝુલાસણ ગામના સુનિતા વિલિયમ્સને રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, રાજ્યના મુખ્યમંત્રી સહિત અનેક લોકોએ દેશનું ગૌરવ ગણાવ્યા હતા. વતન ઝુલાસણમાં તેમના માટે ધૂન અને ભજનનું આયોજન કરાયું હતું. તેમના સંબંધી દિનેશ રાવલે કહ્યું કે સુનિતા બાળપણથી જ નીડર અને હિંમતવાન હતી.

(બાઇટ: દિનેશ રાવલ)

# GONDAL YARD WHEAT

સૌરાષ્ટ્રના સૌથી મોટા ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે એક જ દિવસમાં ઘઉંના સવા લાખ કટ્ટાની આવક થતાં યાર્ડના સંચાલકો દ્વારા હાલ ઘઉંની ખરીદી બંધ કરી દેવામાં આવી છે.

ખેડૂતોને પ્રતિ મણ ઘઉંના 475 થી 700 રૂપિયા જેવા પોષણક્ષણ ભાવ મળી રહ્યા છે. માર્કેટિંગ યાર્ડના સંચાલકો દ્વારા જણસી લઇને આવતા ખેડૂતો માટે તમામ વ્યસ્થાઓ કરવામાં આવી છે.

# BHAVNAGAR DEMOLITION

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ગઢેચી શુદ્ધિકરણ પ્રોજેક્ટમાં અડચણરૂપ દબાણો હટાવવામાં આવી રહ્યા છે, જેમાં 811 ગેરકાયદેસર બાંધકામો સામે કાર્યવાહી થઈ રહી છે.

કુંભારવાડા બ્રિજથી દરિયાઈ ક્રીક સુધીના 185 ગરકાદેસર દબાણો પર બુલડોઝર ફેરવી અંદાજે 800 મીટર વિસ્તાર ખુલ્લો કરાયો. આ ઉપરાંત કુંભારવાડા બ્રિજથી જવાહર નગર ફાટક તરફ અંદાજે 800 મીટર વિસ્તારમાં 215 જેટલા ગેરકાયદેસર બાંધકામોના દબાણોને દૂર કરાયા હતા.

આગામી દિવસોમાં જવાહર નગર ફાટકથી શાસ્ત્રીનગર બ્રિજ અને ગઢેચી વડલાથી બોરતળાવ સુધીમાં માલિકી આધારે અને બાંધકામ મંજૂરીના આધારો રજૂ નહીં કરેલા બાંધકામોને તોડી પડાશે.

# HISTORY SHEETER LIST

રાજ્ય પોલીસ વડાના આદેશ અંતર્ગત પોલીસે ગુનાહિત પ્રવૃતિઓ કરતાં કુલ 7 હજાર 612 વ્યક્તિઓની યાદી તૈયાર કરી છે. જેમાં 3 હજાર 264 બુટલેગર, 516 જુગાર, 2 હજાર 149 શરીર સંબંધી, 958 મિલકત સંબંધી, 179 માઈની અને 545 અન્ય અસામાજિક પ્રવૃતિ કરતાં વ્યક્તિઓ પર વોચ રાખી તેમના ગેરકાયદેસરના દબાણો, ગેરકાયદેસર વીજ જોડાણો, શંકાસ્પદ આર્થિક વ્યવહારોની તપાસ કરાશે.

**(વોઇસ કાસ્ટ: કરણ મકવાણા )**

*રાજ્યમાં અમદાવાદ શહેરમાં 25, ગાંધીનગરમાં 6, વડોદરામાં 2, સુરતમાં 7, મોરબીમાં 12 એમ કુલ 59 લોકો સામે પાસા કરાઇ છે. 10 લોકો સામે હદપારી, 724 સામે અટકાયતી પગલાં લીધા છે અને 16 ગેરકાયદેસર મકાનોમાં ડિમોલિશન કરાયું છે તેમજ 81 વીજ ચોરીના ગેરકાયદેસરના જોડાણ દૂર કરાયા છે. આગામી સમયમાં આશરે 100 પાસા, 120 હદપારી, 265 અટકાયતી પગલાં, 200 ડિમોલિશન અને 225 ગેરકાયદેસર વીજ જોડાણો દૂર કરાશે. આ સમયગાળા દરમિયાન કોમ્બિંગ, નાઈટ પેટ્રોલિંગ, દરોડા, વાહન ચેકિંગ, ફૂટ પેટ્રોલિંગ, ગુનેગારોના જામીનમાં શરતભંગ થયેલ હોય તેવા કિસ્સામાં જામીન રદ કરવાની કાર્યવાહી કરાશે.*

*કરણ મકવાણા, આકાશવાણી સમાચાર, અમદાવાદ*

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GIR SOMNATH KHANIJ CHORI

ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખનીજ ખનન કરનારા વિરૂદ્ધ કડક હાથ કાર્યવાહી કરાઈ છે. જેમાં ૬૦ હજાર ૩૦૩ મેટ્રિક ટન ખનીજચોરી કરવા બદલ ૩ કરોડ રૂપિયાથી વધુનો દંડ ફટકારાયો છે.

ગીર સોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ઘાટવડ ખાતે કોઇ પણ પ્રકારની મંજુરી વગર બિલ્ડીંગ લાઇમસ્ટોનનું ખનન કરવામાં આવતું હતું.

# UCC SUGGESTIONS

સમાન નાગરિક સંહિતા અંગે રચાયેલી સમિતિમાં સૂચનો મોકલવાની સમયમર્યાદા આગામી 15 એપ્રિલ સુધી મોકલી શકાશે.

ઉલ્લેખનીય છે કે અગાઉ સૂચનો-મંતવ્યો મોકલવાની છેલ્લી તારીખ 24 એપ્રિલ હતી. જે હવે વધારવામાં આવી છે. ત્યારે સમાન નાગરિક સંહિતા સમિતિના અધ્યક્ષ ન્યાયમૂર્તિ રંજના દેસાઈએ ગુજરાતવાસીઓને UCC અંગે સૂચનો મોકલી આપવા અપીલ કરી છે.

# WEATHER

ત્રણ દિવસ બાદ રાજ્યભરમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પવનની દિશામાં બદલાતા ગરમીનું પ્રમાણ વધશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે આગામી ત્રણ દિવસ રાજ્યનાં તાપમાનમાં નોંધપાત્ર ફેરફારની શક્યતા નહિવત છે. ત્યારબાદ તાપમાનમાં વધારો થશે.

(બાઇટ: રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક)

# MEHSANA ASHA THAKOR

મહેસાણાની દિવ્યાંગ ખેલાડી આશા ઠાકોરે ઈટાલી ખાતે રમાયેલી વિશેષ ઓલિમ્પિક વિશ્વ શિયાળુ રમતોમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટના  માર્ગદર્શન હેઠળ આશાએ આ રમતોત્સવમાં ભાગ લીધો હતો. આ સિદ્ધિ બદલ વતન કામલી ગામ લોકોએ શોભાયાત્રા કાઢી આશાનું સન્માન કર્યું હતું. આ અંગે ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ વિષ્ણુ ચૌધરીએ વધુ માહિતી આપી.

(બાઇટ: વિષ્ણુ ચૌધરી - પ્રમુખ , ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટ)

# VEER SAVARKAR TARAN SPARDHA

ગીર સોમનાથના આદ્રી બીચ ખાતે બહેનો માટેની અને ચોરવાડ બીચ ખાતે ભાઈઓ માટેની ૩૪મી વીર સાવરકર તરણ સ્પર્ધા-૨૦૨૫નો પ્રારંભ થયો છે. જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, વહીવટીતંત્ર દ્વારા સ્પર્ધકો માટે ન્યૂટ્રિશન સહિતની તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ભાઈઓ માટેની સ્પર્ધા ચોરવાડથી વેરાવળ (૨૧ નોટીકલ માઈલ) અને બહેનો માટેની સ્પર્ધા આદ્રીથી વેરાવળ (૧૬ નોટીકલ માઈલ) વચ્ચે યોજાઈ રહી છે.

આ તરણ સ્પર્ધામાં ગુજરાતના ૨૦, કર્ણાટકના ૧, મહારાષ્ટ્રના ૧૨, પશ્ચિમ બંગાળના ૦૪ એમ વિવિધ રાજ્યના ૩૭ સ્પર્ધકોએ ભાગ લીધો છે.

# CISF COASTAL CYCLOTHON– 2025

કચ્છથી કન્યાકુમારી સુધી યોજાયેલી CISF કોસ્ટલ સાઇક્લોથોન – 2025 મોટી દમણ કિલ્લા સુધી પહોંચી હતી. જેમાં 4 મહિલાઓ સહિત 75 સાઇક્લિસ્ટ સામેલ હતા.

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળના 56મા સ્થાપના દિવસના ભાગરૂપે આ સાઇક્લોથોનનું આયોજન કરાયું છે, જેનો ઉદ્દેશ્ય “સુરક્ષિત કિનારા, સમૃદ્ધ ભારત” છે.

# VALSAD APMC

વલસાડની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-APMCએ ભાડું ન ચૂકવનાર 16 દુકાનદારોની દુકાનો સીલ કરી હતી. વલસાડ જિલ્લાના અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે  અગાઉ દુકાનદારોને ચાર નોટિસ આપવામાં આવી હતી. કેટલાક વેપારીઓએ થોડા સમયનું ભાડું ભરવાની તૈયારી બતાવી હતી. જો કે, APMCના સંચાલકોએ નવા ભાડા સાથે અત્યાર સુધીનું તમામ બાકી ભાડું ચૂકવવાનું જણાવ્યું હતું.